જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૬/૨૦૧૮ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૨૨૧ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૪ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરી :- સમાચાર યાદી નં.૧૧૪૬ /૧૮

**ઇસનપુર** : રાજેશભાઇ મથુરભાઇ ડાભી (ઉ.વ.પ૨)(રહે,અનંગ સોસાયટી, ભાડુઆતનગર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૬/૧૮ ના ૧/૩૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીની બાજુમા રાખેલ ચાવીથી તિજોરી ખોલી, સોના ના દાગીના અને રોકડ રકમ ૩,૩૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.ગળચર ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૧૧૪૭ /૧૮

**ગાયકવાડ હવેલી** : કલ્પનાબહેન દિનેશભાઇ સોહેલીયા (ઉ.વ.૩૬)(રહે,અમરદિપ હોમ આદીત્ય ટાવર કમલાનગર તળાવ વડોદરા) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૬/૧૮ ના કલાક ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન એસ.ટી.ચાર રસ્તા થી એ.એમ.ટી.એસ કવાર્ટસ બસ સ્ટેન્ડની સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન આટોરીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા ઇસમો એ ભેગામળી કલ્પનાબહેન ની નજર ચુકવી સોનાનુ મંગળસુત્ર અને સોનાની બુટ્ટી મળી કુલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- તથા રોકડ રૂપીયા ૯૦૦/- મળી કુલ રૂપિયા ૪૦,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.શીગરખીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૧૪૮/૧૮**

**વેજલપુર** : શકીલભાઇ શરીફભાઇ ચૌહાણ (ઉ.વ.૨૮)(રહે, સફાનાપાર્ક ગોલ્ડન ફલેટ અંબર ટાવર પાસે ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ફતેવાડી અલિફ હોટલ સામે આવેલ ઉપર શકીલભાઇના બનેવી સલામભાઇ યાસીનભાઇ શેખ (ઉ.વ.૪૦)(રહે,શેકુભાઇની ચાલી, મીલ્લતનગર, શાહઆલમ) નાઓ પોતાનું એક્સેસ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક છોટા હાથી નંબર જીજે.૦૧.ઇ.ટી.૯૯૬૦ નો ચાલક, ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવતા, એક્સેસ ને ટકકર વાગતા, સલામભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને વા.સા. હોસ્પીટલમાં લઇ જતા, સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.ભટ્ટી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૪૯/૧૮**

**સરદારનગરઃ** કમળાકાંત ઉતમભાઇ પરિડા (રહે,પંચવટી લક્ષ્મીનગર સોસાયટી ની બાજુમાં ભાડાના મકાનમાં, નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૬/૧૮ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના ડાબા હાથ ના કાંડા ઉપર પતરી થી ચેકો મારી તેમજ દોરી વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુનિલભાઇ રુપાજી ચલાવે છે.

**બાપુનગર** : જયશ્રીબેન વા/ઓ સંતોષભાઇ (કથરીયા)પટેલ (ઉ.વ.૩૮)(રહે,રત્નાગીરી ફ્લેટ ચમક ચુનાની સામે હિરાવાડી બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૬/૧૮ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે અનાજમાં નાંખવાની બે ગોળીઓ ખાઇ લેતા, સારવાર અર્થે તેમને કાકડીયા હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા ૧૭/૦૬/૨૦૧૮ બપોરના ૧/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.